શહેરમાં ચોથો નંબર મેળવનાર નૈનીલ ડૉક્ટર બની ગરીબોની સેવા કરશે

સફળતાનો શ્રેય અમેરિકા, કેનેડા સ્થિત બહેનોને

ગાંધીનગર, તા. ૫

તાજેતરમાં ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા લેવાયેલ એસ.સી.સી.ની પરીક્ષાનું પરિણામ જાહેર કરવામાં આવ્યું છે. સમગ્ર ગાંધીનગર શહેરમાં ચોથો અને ગુરુકુલમાં પ્રથમ સ્થાન મેળવી નૈનીલ પટેલે ડૉક્ટર બનવાનો પાયો નાખ્યો છે.

ગાંધીનગરની પાસે આવેલ સરગાસણની શાંતિવિલા ખાતે રહેતા વિષ્ણુભાઈ પટેલનો પુત્ર નૈનીલ ગુરુકુલમાં પ્રથમ સ્થાન અને શહેરમાં ચોથુ સ્થાન મેળવ્યું છે. ડાન્સ, ગરબા, ડિબેટ જેવી સ્પર્ધામાં નાનપણથી રૂચિ ધરાવનાર નૈનીલે વર્ષ દરમિયાન દરેક નાની-મોટી સ્પર્ધામાં ભાગ લીધો છે. વળી નવરાત્રીમાં ગરબા રમ્યા વગર બિલકુલ ન ચાલે. તેમ છતાં નૈનીલે ઝળહળતી સફળતા પ્રાપ્ત કરી છે.

નૈનીલના પિતા વિષ્ણુભાઈ અને માતા સરકારી કર્મચારી છે. તેઓ નૈનીલ વિશે જણાવે છે કે, નૈનીલને શિક્ષણ ઉપરાંત સ્વિમીંગ અને સ્કેટીંગમાં ખૂબજ રસ છે. અને તે જ્યારે પણ ફ્રી પડે ત્યારે તે સ્કેટીંગ કરતો શાળા અને ટ્યુશન સિવાય રોજના પાંચ કલાકની મહેનતના કારણે આજે આ શિખર પર પહોંચ્યો છે.

નૈનીલની સફળતાનું શ્રેય તેની અમેરિકા અને કેનેડા સ્થિત બન્ને બહેનોના ફાળે જાય છે. પોતાનો ભાઈલો ભાણી-ગણીને ખુબજ મોટો દાક્તર બને તે માટે બહેનો દ્વારા રોજ એક કલાકથી વધુ ફોન પર માહિતી આપવામાં આવતી હતી. નૈનીલે જણાવ્યું હતુ કે હુ હવે બી ગ્રુપમાં એડમિશન લઈને ડૉક્ટર બનવા માગુ છુ. આ દુનિયામાં ગરીબોની સંખ્યા દિવસે દિવસે વધતી જાય છે. ત્યારે આવા ગરીબોની સેવા કરી મારૂ જીવન તેમને સમર્પિત કરીશ.

જિલ્લામાં પ્રથમવાર ધોરણ-૯ના વિદ્યાર્થીઓ માટે પ્રવેશોત્સવનું આયોજન

જિલ્લાના ૨૭,૯૮૩ વિદ્યાર્થીઓને પ્રવેશ અપાશે : ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવા નવતર આયોજન

ગાંધીનગર, તા. ૫

જુનના બીજા સઙ્ઘાહમાં શાળા -વેશોત્સવની ઉજવણીનું આયોજન કરવામાં આવ્યું છે. ત્યારે આ વખતે -થમ વાર ધો-૧ ની સાથે ધો-૮ માં પાસ થયેલો પણ એકેય વિદ્યાર્થી -વેશથી વંચિત ન રહે તે માટે ધોરણ-૯ માં -વેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. ડ્રોપ આઉટ રેશિયો ઘટાડવાના આશય સાથે જીલ્લાના ૨૭,૯૮૩ વિદ્યાર્થીઓને ધો-૯ માં -વેશ આપવામાં આવશે.

શિક્ષણનું સ્તર ચું આવે અને એકપણ વિદ્યાર્થી શાળા -વેશથી વંચિત ન રહે તવા આશય સાથે -તિવર્ષ શાળા -વેશોત્સવની ઉજવણી કરવામાં આવે છે. આ વર્ષે પણ ઉદ્યડતા શૈક્ષણિક સત્રને ધ્યાને લઈ ગ્રામ્ય વિસ્તારમાં તા.૧૨, ૧૩, અને ૧૪ તેમજ શહેરી વિસ્તારમાં તા.૧૯, ૨૦, અને ૨૧ જુનના રોજ શાળા -વેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. પરંતુ આ વર્ષે -થમ વાર -ાથમિકની સાથે માધ્યમિક વિભાગમાં પણ -વેશોત્સવની ઉજવણી કરવામાં આવશે. જેમાં ધો-૮ પાસ કરી ધો-૯ માં -વેશતા એક પણ વિદ્યાર્થીઓ શાળા -વેશથી વંચિત ન રહે તેનો પુરતો ખ્યાલ રાખવામાં આવશે. ધો-૮ માં જીલ્લામાંથી પાસ થયેલા ૨૭,૯૮૩ વિદ્યાર્થીઓને ધો-૯ માં -વેશ આપવામાં આવશે. જિલ્લામાં શિક્ષણ ક્ષેત્રે ડ્રોપ આઉટ રેશીઓ ઘટાડવા આ વખતે -થમ વાર માધ્યમિક વિભાગમાં -વેશોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. -વેશોત્સવના આયોજનને અનુલક્ષી આગામી તા.૬ અને ૭ જુનના રોજ જીલ્લાની તમામ શાળાઓના આચાર્યો સાથે શિક્ષણ તંત્રની બેઠક યોજવામાં આવશે.

ગાંધીનગર ખાતે પુરવઠા દરબારનો અનોખો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર જિલ્લા પુરવઠા અધિકારીશ્રીની કચેરી દ્વારા પુરવઠા દરબાર કાર્યક્રમનું આયોજન સ્ટાફ ટ્રેનીંગ કોલેજ, સેકટર૧૭ ખાતે કરવામાં આવ્યું હતું. પુરવઠા દરબાર કાર્યક્રમને અન્ન અને નાગરિક પુરવઠા, કાર્યક્રમ સમગ્ર રાજયમાં તાલુકાનુસાર યોજાનાર છે. આજે ગાંધીનગર તાલુકામાં રાજયનો બીજા નંબરનો કાર્યક્રમ યોજાયો છે. પુરવઠા દરબાર થકી રેશન કાર્ડના ધારકોને પડતી તકલીફો, અન્ય સૂચનોની સીધી આપ લે થાય છે, જેથી પુરવઠા દરબારનો

ગ્રાહકોની બાબતોના રાજય મંત્રી શ્રી છત્રસિંહ મોરીએ દીપ -ાગટ્ય કરીને ખુલ્લો મુક્યો હતો.

આ -સંગે અન્ન અને નાગરિક પુરવઠા, ગ્રાહકોની બાબતોના રાજય મંત્રી શ્રી છત્રસિંહ મોરીએ જણાવ્યું હતું કે, ગુજરાત રાજયના -થમ મહિલા મુખ્ય મંત્રી શ્રી આનંદીબેન પટેલના માર્ગદર્શન હેઠળ પુરવઠા દરબાર કાર્યક્રમનો આરંભ કરવામાં આવ્યો છે. પુરવઠા દરબારનો અનોખો કાર્યક્રમ સરકાર માટે અરીસો છે.

વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, સમગ્ર દેશમાં કોમ્પ્યુટરાઈઝેશનથી સંપૂર્ણ વિગતો સભર રેશન કાર્ડની સિસ્ટમ અન્ય રાજયોમાં નથી. આથી ગુજરાત રાજયની આ સિસ્ટમને દેશમાં મોડલ તરીકે સ્વીકારવામાં આવી છે. આ સિસ્ટમને વધુને વધુ લોકભોગ્ય બનાવવાના ઉમદા આશયમાં પુરવઠા દરબાર કાર્યક્રમ મદદરૂપ બનશે. ગાંધીનગર તાલુકામાં પુરવઠા કચેરી અને મામલતદાર કચેરીની ઉમદા કામગીરીની મંત્રીશ્રીએ -શંસા કરી હતી. પુરવઠા દરબાર કાર્યક્રમમાં ગાંધીનગર તાલુકાના વિવિધ ગામના રેશનકાર્ડ ધારકો દ્વારા તેમના અને વિચારો મંત્રીશ્રી સમક્ષ મુક્તમને રજુ કરવામાં આવ્યા હતા. રજૂ થયેલા તમામ નૈનો સરળ ઉકેલ સ્થળ પર જ રેશનકાર્ડ ધારકોને મળી ગયો હતો.

આ -સંગે મહાનુભાવોનું શાબ્દિક સ્વાગત જિલ્લા પુરવઠા અધિકારી શ્રી નિશા શર્માએ કર્યું હતું. કાર્યક્રમના અંતે આભાર વિધી ગાંધીનગર મામલતદાર શ્રી ડી.જી.મોદીએ કરી હતી.

પુરવઠા દરબાર કાર્યક્રમમાં ગાંધીનગર(દ)ના ધારાસભ્ય શ્રી શંભુજી ઠાકોર, ગાંધીનગર મહાનગરપાલિકાના મેયર શ્રી મહેન્દ્રસિંહ રાણા, ગાંધીનગર તાલુકા પંચાયત -મુખ શ્રી કાળુજી ઠાકોર, પેથાપુર નગરપાલિકાના -મુખ શ્રી સીતાબેન, અન્ન અને નાગરિક પુરવઠાના નાયબ સચિવ શ્રી મુકેશ મોદી અને કિરણબેન ઓઝા, નાગરિક પુરવઠાના નિયામક જી. સી. બહ્મભટ્ટ સહિત તાલુકાના રેશનકાર્ડ ધારકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહયાં હતાં.

કેઈનની મદદથી જેસીબી મશીન લીંબડીયા કેનાલમાંથી મહામહેનતે બહાર નીકળ્યું

તરવૈયાઓએ તપાસ કરી પરંતુ કેનાલમાંથી ડ્રાઈવરનો હજુ પત્તો લાગ્યો નથી

ગાંધીનગર, તા. ૫

ગાંધીનગર નજીક લીબડીયા થી કરાઈ જતી કેનાલ પાસે કાચા રસ્તાની સાફસફાઈ દરમ્યાન જે સીબી મશીન અચાનક જ કેનાલમાં ખાબકી ગયું હતું. આ ઘટના બાદ તરવૈયાઓએ કેનાલમાં શોધખોળ હાથ ધરતા પાણીમાં ગરકાવ થયેલું જેસીબી મશીન જોવા મળ્યું હતું. પાણીમાં પડેલું જેસીબી બહાર કાઢવા કેઈન મંગાવી હતી. મોડી સાંજે આઠેક વાગ્યા સુધી કરેલી જહેમત બાદ અંતે મહામહેનતે જેસીબી મશીન બહાર નીકળ્યું હતું. જો કે હજુ સુધી ડ્રાઈવરનો કોઈ પત્તો લાગ્યો નથી.

જીલ્લાની લીબડીયા કેનાલ પાસે અજીબોગરીબ ઘટના બની હતી. કેનાલ પાસેથી પસાર થતા ઝાડીઝાંખરા વાળા રસ્તાની સફાઈ માટે એક જેસીબી મશીન કામે લાગ્યું હતું. પરંતુ આ કામગીરી દરમ્યાન અચાનક જ કોઈ રીતે જેસીબી મશીન ડ્રાઈવર સાથે કેનાલમાં ખાબક્યું હતું. આ ઘટના મામલે સિક્યુરીટીને જાણ થતા કેનાલમાં તરવૈયાઓની ટીમ શોધખોળ માટે કામે લગાડવામાં આવી હતી. આ દરમ્યાન કેનાલમાં ડૂબકી લગાવતા

તરવૈયાઓને પાણીમાં ડે જેસીબી મશીન ગરકાવ થયું હોવાનું દેખાયું હતું. બીજી તરફ જેસીબી મશીનના ડ્રાઈવરની કોઈ ભાળ મળી ન હતી. આખરે સમગ્ર મામલા અંગે ડભોડા પોલીસને જાણ થતા પોલીસે ઘટના સ્થળે પહોંચી તપાસના ચક્રો ગતિમાન કર્યા હતા. પોલીસે કેનાલમાં ગરકાવ થયેલા જેસીબી મશીનને બહાર કાઢવા કેઈન મંગાવી હતી. મોડી સાંજ સુધી ચાલેલી આ કામગીરીને અંતે મહામહેનતે જેસીબી મશીન કેનાલની બહાર નીકળ્યું હતું. બીજી તરફ મશીન સાથે કેનાલમાં ખાબકેલા ડ્રાઈવરનો હજુ સુધી પત્તો મળ્યો નથી.

જિલ્લામાં સાતમા ક્રમે આવેલ મિત દાક્તર બની પિતાનો વારસો જાળવશે

ટ્યુશન સિવાય દરરોજ ૬ કલાક મહેનતથી સફળતા મેળવી છે

ગાંધીનગર, તા. ૫

બોર્ડની પરીક્ષામાં સફળતા મેળવવા માટે વિદ્યાર્થીઓ શાળાના શિક્ષણ ઉપરાંત ટ્યુશનનો સહારો લેતા હોય છે. વિદ્યાર્થીઓ દ્વારા તો માતાજીની માનતા પણ રાખવામાં આવતી હોય છે. પોતાની મમ્મીની આજ્ઞા મુજબ અભ્યાસ કરીને શહેરના ઘણા વિદ્યાર્થીએ જિલ્લામાં અને પોતાની શાળામાં ડંકો વગાડ્યો છે.

બોર્ડની પરીક્ષા વિદ્યાર્થીઓ માટે ધગધગતા અંગારા ઉપર ચાલવા કરતા પણ અઘરી હોય તેવું વિદ્યાર્થીઓ માનતા હોય છે. પરીક્ષામાં જલવંત સફળતા મેળવવા માટે વિદ્યાર્થીઓને માતા-પિતા દ્વારા અનેક સલાહ સૂચનો આપવામાં આવતા હોય છે. બોર્ડની પરીક્ષા આપનાર વિદ્યાર્થીને સૂર્ય દેવનો તડકો પણ નશીબ કરાવવામાં આવતો નથી તેટલું દબાણ આપવામાં આવતું હોય છે.

ગાંધીનગરના સેકટર-૨૯માં આવેલ સુરભી એપાર્ટમેન્ટમાં રહેતા મિત પિયુષ શાહે ધોરણ-૧૦ બોર્ડની પરીક્ષામાં શાળામાં પ્રથમ, શહેરમાં ત્રીજો અને જિલ્લામાં સાતમો નંબર પ્રાપ્ત કર્યો છે. સેક્ટર-૨૩ કડી કેમ્પસમાં આવેલી એમ.બી. પટેલ ઈંગ્લિશ મિડિયમ સ્કૂલમાં અભ્યાસ

કરતા મિત શાહે ધોરણ-૧૦માં ૯૯.૯૧ પર્સન્ટાઈલ મેળવ્યા છે.

બાળપણથી અભ્યાસમાં તેજસ્વી એવા મિતને અભ્યાસ ઉપરાંત ક્રિકેટ, વાંચન અને ટીવી જોવાનો ખુબજ શોખ છે. અને આખા વર્ષ દરમિયાન તેને ક્રિકેટની મજા પણ લીધી છે. મિતને શિક્ષણ વારસામાં મળ્યું છે તેથી કોઈપણ પ્રકારના ટ્યુશન સિવાય આ સફળતા મેળવી છે. દરરોજ ૬ કલાક વાંચનથી આ પરિણામ આવ્યું છે.

મિતના પિતા વ્યવસાયે ડૉક્ટર અને મમ્મીએ એમ.એસ.સી.નું શિક્ષણ મેળવ્યું છે. મિતના મમ્મી પોતે ખાનગી કોલેજમાં પ્રોફેસર તરીકે નોકરી કરતા હતા. તેના મમ્મી સ્વાતિબેન કહે છે કે મિતને ભણાવવા માટે મેં મારી નોકરી છોડી છે. હું તેને પડતી સમસ્યાઓનું સમાધાન કરી આપતી હતી અને જો તેને ખ્યાલ ન આવે તો તે શિક્ષકને ફોન કરીને સમાધાન મેળવતો હતો.

મિતના કુટુંબમાં બાર વ્યક્તિઓ દાક્તરી વ્યવસાય સાથે સંકળાયેલા છે. તેથી તેણે પણ ડૉક્ટર બનીને પોતાના પરિવારનો વારસો જાળવવાનું નક્કી કર્યું છે. ડૉક્ટર બની ગરીબોની સેવા કરશે ત્યારે તેની આ સફળતાનું શ્રેય તેની મમ્મીને આપ્યું છે. ત્યારે એમ અવશ્ય કહેવાય કે એક માતા સો શિક્ષકની ગરજ સારે છે.

વાવોલમાં કૃષિ રથનું સ્વાગત કરાયું

ગાંધીનગર, તા.૫

રાજય સરકાર દ્વારા ખેડૂતોના હિત માટે કૃષિ રથનું આયોજન કર્યું છે. કૃષિ રથમાં ખેડૂતોને અત્યાધુનિક ખેતી કરવા માટેની માહિતી અને કીટનું વિતરણ કરવામાં આવે છે. આ કૃષિ રથ આજે વાવોલ ખાતે આવી પહોંચ્યો હતો. જેમાં ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ કોર્પોરેશનના ચેરમેન ઝવેરભાઈ ચાવડા ભાજપ તાલુકા પ્રમુખ શૈલેષ પટેલ વિક્રમસિંહ ગોલ, કિસાન મોરચા પ્રમુખ દિલીપસિંહ, સરપંચ કમલેશસિંહ સહિતના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા.

સભામાં હાજર તમામ ખેડૂતોને કૃષિ કીટનું વિતરણ કરવામાં આવ્યું હતું. નાયબ ખેતી નિયામક જે.બી. ઉપાધ્યાયે ખેડૂતોને જણાવ્યું હતું કે હાલમાં ખેતી આધુનિક પધ્ધતિથી કરવી જોઈએ તેમજ સારી ગુણવત્તાનું બિયારણથી વાવેતર કરવું જોઈએ. જેનાથી ખેડૂતોને વધારે નફો થશે અને આર્થિક રીતે સધ્ધર થશે.

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના પ્રવેશ ફોર્મ ૯મીથી મળશે

ગાંધીનગર, તા.૫

અનામત કક્ષાના પ્રવેશથી વંચિત વિદ્યાર્થીઓએ પ્રવેશ મેળવવા સ્વામી વિવેકાનંદ વિદ્યાવિહાર સેકટર-૧૨ ગાંધીનગરમાંથી તા. ૯મી જુનથી તા. ૧૧મી જુન સુધી સવારે ૧૧ થી ૪ સુધી પ્રવેશ ફોર્મ મેળવી જરુરી આધારો સાથે પરત જમા કરાવવાના રહેશે. મેરીટ પ્રમાણે પસંદગીની શાળામાં ઉપલબ્ધ જગ્યા મુજબ પ્રવેશ આપવામાં આવશે.

સમગ્ર દેશમાં આજે વિશ્વ પર્યાવરણ દિવસની ઉજવણી કરવામાં આવી હતી. શહેરમાં પણ પર્યાવરણ બચાવવા અનેક જગ્યાએ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા વિવિધ કાર્યક્રમ યોજવામાં આવ્યા હતા. સમગ્ર દેશમાં પર્યાવરણ પર ખતરો મંડરાયો છે. પર્યાવરણનો નાશ કરવામાં આવી રહ્યો છે જેના કારણે આપણે ગ્લોબલ વોર્મિંગની અસરો થઈ રહી છે.જેના કારણે શિયાળામાં ઉનાળો, ઉનાળામાં ચોમાસુ અને ચોમાસામાં શિયાળા જેવી પરિસ્થિતિ પેદા થઈ છે. આજે વિશ્વ પર્યાવરણ દિવસ નિમિત્તે શહેરમાં અનેક જગ્યાએ પર્યાવરણ જાગૃતિ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. નિસર્ગ સાયન્સ સેન્ટર દ્વારા થયેલ ઉજવણી નિમિત્તે સાયન્સ કલબના બાળકોને ભાટ સ્થિત ટોરેન્ટ પાવર કંપનીની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતા. બાળકોને સાથે પર્યાવરણની અસરો, હવા, પાણી, જમીન સાથે સંકળાયેલી બાબતો પર રમતો રમવામાં આવી હતી તેમજ કંપનીમાં વૃક્ષા રોપણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે કંપનીના મેનેજરે વિદ્યાર્થીઓને પીપીટી દ્વારા ગ્લોબલ વોર્મિંગ, કલાયમેટ ચેન્જની ભવિષ્માં કેવી અસરો થશે તેના વિશે માહિતી આપી પર્યાવરણ બચાવવા જણાવ્યું હતું. આ કાર્યક્રમમાં જીપીસીબીના સી.એ. શાહ, ઝાલા સાહેબ, ટ્રસ્ટી અનિલ પટેલ અને કો ઓર્ડિનેટર શિવાંગ પટેલ-હાર્દિક મકવાણા અને મીત પટેલ જોડાયા હતા.

આજે ગાંધીનગરમાં

આજનો દિવસ

સૂર્યોદય : ૫.૫૫
સૂર્યાસ્ત : ૭.૨૧

તાપમાન

મહત્તમ : ૪૪.૦ ડિ.સે.
લઘુત્તમ : ૩૦.૫ ડિ.સે.

ભેજનું પ્રમાણ

સવારે ૫૬ ટકા ● સાંજે ૨૦ ટકા

મનોરંજન

સીટી પ્લસ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૨.૩૦, ૯.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૩૦, ૩.૪૫, ૭.૦૦, ૧૦.૧૫
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૩૦, ૫.૦૦, ૮.૧૫
: સ્ક્રીન-૪ :
હોલીડે : ૧૦.૦૦ (મોર્નિંગ)
સીટીલાઈટ્સ : ૧.૩૦
હીરોપંતી : ૧૦.૦૦
ફિલ્મીસ્તાન : ૪.૧૫, ૬.૪૫
: સ્ક્રીન-૫ :
હોલીડે : ૧૦.૦૦, ૫.૦૦, ૮.૧૫

સિને મેક્સ

: સ્ક્રીન-૧ :
એક્સ-મેન(૩-ડી, હિન્દી) : ૧૦.૧૫,૧.૧૫,૪.૧૫,૭.૧૫,૧૦.૧૫
: સ્ક્રીન-૨ :
હીરોપંતી : ૯.૦૦, ૧૨.૦૦
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૩.૦૦, ૫.૩૦, ૧૦.૫૫
ગોડજીલા ૩-ડી (હિન્દી) : ૮.૦૦
: સ્ક્રીન-૩ :
કુકુ માથુર કી ઝન્ડ હો ગઈ : ૧૦.૩૦
હીરોપંતી : ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૪ :
સીટીલાઈટ્સ : ૧૦.૪૫, ૧.૩૦, ૪.૧૫, ૭.૦૦, ૧૦.૦૦

સૂર્યા સિનેમા (વાવોલ)

ઘાતક : ૧૨.૩૦, ૩.૩૦, ૯.૩૦

મૂવી પ્લેક્સ, કલોલ

: સ્ક્રીન-૧ :
હોલીડે : ૧૦.૩૦, ૧.૩૦, ૪.૩૦, ૭.૩૦, ૧૦.૩૦
: સ્ક્રીન-૨ :
હોલીડે : ૧૨.૦૦, ૩.૦૦, ૬.૦૦, ૯.૦૦
: સ્ક્રીન-૩ :
હોલીડે : ૧.૦૦, ૭.૦૦
હીરોપંતી : ૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦

આપની આજ

મેષ : વ્યવસાયિક પ્રતિસ્પર્ધામાં તમે વિજય મેળવી શકો છો. રહેઠાણ સંબંધી સમસ્યા રહી શકે છે. કુટુંબમાં કોઈ સભ્યની ઉન્નતિથી સામાજિક સમ્માન વધશે.

વૃષભ : દિવસ મધ્યમ ફળદાયી રહેશે. વ્યાપાર- વ્યવસાય પર ધ્યાન આપશો. આરોગ્ય પ્રત્યેની બેદરકારી ઘાતક થઈ શકે છે. સામાજિક કાર્યોમાં સફળતા પ્રાપ્ત થશે.

મિથુન : સામાજિક સમ્માનની પ્રાપ્ત થશે. અવસર હિતકર થશે. આળસ, પ્રમાદથી દૂર રહીને કાર્ય કરો. વિદ્યાર્થીઓને શિક્ષાના ક્ષેત્રમાં મહત્વપૂર્ણ ઉપલ્બિ મળી શકશે. વ્યપારીકક્ષેત્રે ભાગ્યવર્ધક સફળતા પ્રાપ્ત થશે.

કર્ક : વિચારેલા બધા કાર્યોમાં શુભ પરિણામ અપેક્ષિત છે. મિત્રોનો પૂર્ણ સહયોગ તમને મળી શકશે. વ્યાપાર- વ્યવસાય સારું ચાલશે. ખર્ચના અનુપાતમાં આવક પણ થતી રહેશે.

સિંહ : આમોદ- પ્રમાદના અવસર આવશે. રોજગારના ક્ષેત્રમાં તમારો આત્મવિશ્વાસ અને મહત્વ વધશે. કાર્યની પ્રત્યે ઉતાવળ અને બેદરકારી ન કરો. લગ્ન સંબંધી ચર્ચા ચાલશે.

કન્યા : આર્થિક સ્થિતિને લઈને ચિંતા ન કરો. હમણાં સુધારામાં સમય લાગશે. માનસિક દ્વંદ્વને કારણે તમારી નિર્ણય ક્ષમતા પ્રભાવિત થશે. કૌટુંબિક સુખનો અભાવ રહેશે.

તુલા : પારિવારિક વાતાવરણ અસંતાષકારક રહેશે. કાર્ય કરવાની સ્થિતિમાં સુધારા કરવું જરૂરી છે. વ્યાપાર અથવા આજીવિકામાં સમસ્યા આવી શકે છે.

વૃશ્ચિક : કોઈ કાર્યમાં મળેલી સફળતા મહત્વપૂર્ણ હિતકારક બનશે. વ્યપાર અથવા આજીવિકાના ક્ષેત્રમાં તમારું મહત્વ અને વિશ્વાસ વધશે.

ધન : મકાન સંબંધી સમસ્યાઓમાં સમાધાન થઈ શકે છે. ભૌતિક સુખ- સમૃદ્ધિમાં વધારો થઈ શકે છે. પિતાથી વ્યવસાયિક મતભેદ થવાની આશંકા છે. કાર્યક્ષેત્રનો વિસ્તાર થશે.

મકર : લાભનો માર્ગ ખુલ્લો થશે. આર્થિક ચિંતા દુર થતી જણાશે. વ્યવસાયક્ષેત્રે વૃદ્ધિમાં વધારો થતો જણાય. નિર્ણય લેવામાં વિલંબ ન કરવો. કાર્યની ગતિ બનાવી રાખો.

કુંભ : ભાગ્યવર્ધક યાત્રા-પ્રવાસનું આયોજન થશે. ગુસ્સા અને આવેગ પર કાબૂ રાખવો. ભૌતિક સુખમાં વધારો થઈ શકે છે. આવકમાં વધારો થઈ શકે છે. શુભ સંદેશ તમને નવી ચેતના આપશે.

મીન : વ્યાપારક્ષેત્રમાં હાનિ ન થાય તેની તકેદારી રાખવી. સાવચેતી અને સતર્કતા રાખીને કામ કરો. માતા-પિતાના આરોગ્યની ચિંતા રહેશે. ધર્મ- કર્મમાં ખર્ચ થઈ શકે છે.

ચિરવિદાય

- સ્વ. શાંતાબેન ડાહ્યારામ પ્રજાપતિ (ઉ.વ.૬૦) મુ. કોલવડા, તા.જી. ગાંધીનગર
- સ્વ. મોહનજી શમાજી બિહોલા (ઉ.વ.૮૦) મુ. પાલજ, નવા ગામ, અંબિકા ચૌક પાસે, તા.જી. ગાંધીનગર.
- શાંતાબેન રાયસિંહ પરમાર (ઉ.વ.૭૫) પ્લોટ નં. ૫૭૩/૧, સમર્પણ ફ્લેટ, સેક્ટર-૩૦, ગાંધીનગર.
- રણીયાતબેન ગીરધરભાઈ ભીમાણી (ઉ.વ.૯૫) પ્લોટ નં. ૬૬૨/૨, કિસાનનગર, સેક્ટર-૨૬, ગાંધીનગર.